# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૧૪–૦૯–૨૦૦૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરનું પ્રતિનિધિ મંડળ મુદ્રા પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની મુલાકાતે

ચેમ્બરના પ્રમુખ શ્રી નિલેશ વી. માંડલેવાળાની અધ્યક્ષતામાં ૪૦ સભ્યોનુ એક ડેલીગેશન મુન્દ્રા પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની મુલાકાતે ગયુ હતુ. ગુજરાત રાજ્ય કે જે ઔદ્યોગિક રીતે વિકસિત અને ઉદ્યોગોને આવકારતી નિતિ ધરાવતું રાજ્ય છે ત્યારે મુદ્રા વિશાળકાય પોર્ટ આધારીત એસ.ઈ.ઝેડ અનેક ઉદ્યોગોના આકર્ષણનું કેન્દ્ર બની રહયુ છે. તે સંજોગોમાં આ મુલાકાત એક અસ્મરણિય અને માર્ગદર્શક મુલાકાત બની છે.

મુદ્રા પોર્ટ નો વર્ષ ૧૯૯૮માં ગુજરાત અદાણી પોર્ટના નામથી એક ખાનગી પોર્ટ તરીકે વિકાસ શરૂ થયો હતો અને ઓકટોબર ૨૦૦૧માં વ્યાપારીક ધોરણે આ પોર્ટની કામગીરીની શરુઆત થઈ હતી. આજે આ પોર્ટે વિકાસની હરણફાળ ભરી દેશના સૌથી મોટા ખાનગી પોર્ટ તરીકે ઉભરી આવ્યું છે.

દેશના પશ્ચિમ કિનારે કચ્છના અખાતના ઉતર કિનારે આવેલું મુન્દ્રા પોર્ટ વ્યુહાત્મક રીતે વિશ્વ વ્યાપારને અનુકુળ સ્થાન પર આવેલું છે. અહીંથી યુરોપ, આફ્રીકા, અમેરીકા તેમજ મીડલ ઈસ્ટના દેશો સાથે આયાત નિકાસ માટેની અનુકુળતા ઉભી થયેલ છે. વિશાળ જમીનનો બેકઅપ વિસ્તાર ધરાવતા મુન્દ્રા પોર્ટમાં ૧૨.૫ મીટરથી ૧૭.૦ મીટરની ઉંડાઈ ધરાવતી ૮ મલ્ટીપરપઝ જેટી અને ૪ કન્ટેઈનર કાર્ગો માટેની જેટી આવેલી છે. કુલ ૩ કિં.મી.થી વધુ લંબાઈ ધરાવતી ૧૨ જેટીઓ પર પેનામેક્ષ અને પોસ્ટ પેનામેક્ષ પ્રકારના જહાજો સીધાં જ લાંગરી શકાય છે જે આ પોર્ટની ખાસ વિશેષતા છે. વધુમાં ક્રુડ કાર્ગો માટે ખાસ ૩૨ મીટરની પાણીની ઉંડાઈ ધરાવતા વિસ્તારમાં સીગલ પોઈન્ટ મુવીગ સીસ્ટમ પણ વિકસાવવામાં આવેલી છે જયાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરુશનના લી. વી.એલ.સી.સી. અને યુ.એલ.સી.સી. જેવાં વિશાળકાય જહાજો લાંગરી ક્રુડ ઓઈલ આયાત કરવામાં આવે છે.

આ અંગે અદાણી હાઉસમાં યોજેલ મિટિંગમાં અદાણી ગ્રુપના મુદ્રા પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનના ચીફ ઓપરેટીંગ ઓફીસર કેપ્ટન ઉમેશ અભ્યંકરે પ્રમુખશ્રી તેમજ પ્રતિનિધિ મંડળનું સ્વાગત કરી અદાણી ગ્રુપનુ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું અને અદાણી ગ્રુપની સિધ્ધિઓ તેમજ તેમના ભાવી પ્રોજેકટો અંગે વિગતવાર સમજણ આપી હતી. ચેમ્બર પ્રમુખ શ્રી નિલેશભાઈ માંડલેવાળા તરફથી પણ પ્રેઝન્ટેશન ધ્વારા ચેમ્બરની માહિતી તેમજ આગામી મેગા પ્રદર્શન ઉદ્યોગ–૨૦૧૦ ની વિગત રજૂ કરવામાં આવી હતી.

આ પ્રતિનિધિ મંડળે અદાણી વિલમાર લી. પણ ની મુલાકાત લીધી હતી.. આંતરરાષ્ટ્રીય કક્ષાએ વ્યાપારમાં ખ્યાતનામ અને પાવર તેમજ પોર્ટના વિકાસમાં ખ્યાતિ પામેલ અદાણી ગૃપ તેમજ સિંગાપોર સ્થિત એશિયાનું વિખ્યાત ગૃપ વિલમાર ઈન્ટરનેશ્નલ લી. ના સંયુકત સાહસથી મુન્દ્રા ખાતે અદાણી વીલમાર લી.ની શરુઆત થઈ જેમણે મુન્દ્રા ખાતે દેશની પ્રથમ પોર્ટ સાથે જોડાયેલી ખાદ્ય તેલની મહાકાય અને આધુનિક રીફાઈનરી સ્થાપી. અહીંથી ફોર્ચ્યુન, કીંગ્સ, રાગ, બૂલેટ, ફ્રયોલા અને જયુબિલી જેવી બ્રાન્ડથી ખાદ્ય તેલનું ઉત્પાદન તેમજ પેકીંગ થઈ રહ્યું છે. અદાણી વીલમાર લી. દ્વારા સમગ્ર દેશમાં અલગ અલગ સ્થળે તેલ ઉત્પાદન માટેના યુનિટ છે જે કુલ ૬૦૦૦ ટન પ્રતિ દિવસની ક્ષમતા ધરાવે છે. તેમજ ૫૦૦૦ ટન પ્રતિ દિવસ તેલ રીફાઈન કરવાની ક્ષમતા ધરાવે છે. આ કંપનીની મુલાકાતથી ચેમ્બરનું પ્રતિનિધિ મંડળ ખાસ પ્રભાવિત થયુ હતું.

આ પ્રતિનિધિ મંડળે સી–પોર્ટની પણ મુલાકાત લીધી હતી અને અદાણી ગ્રુપના માધ્યમથી ટગરાઈડમાં જઈ તે લોકો ધ્વારા થતી લોડીંગ – અનલોડીંગ તેમજ દરીયામાં આવતી મહાકાય જહાજો અને દરીયામાં ૮ કિલોમીટર દુરથી પાઈપ લાઈન ધ્વારા જે ક્રુડ ઓઈલ રિફાઈનરીમાં આવે છે, તેની પ્રત્યક્ષ જાણકારી મેળવી હતી.

પ્રતિનિધિ મંડળે મુદ્રા પોર્ટમાં આવેલ એરપોર્ટ, એસ.ઈ.ઝેડ. ના રેસીડેન્શીયો વિસ્તારની પણ મુલાકાત લીધી હતી. આ ડેલીગેશને અદાણી ગ્રુપના પાવર પ્લાન્ટની પણ મુલાકાત લઈ વિજ ઉત્પાદન અંગે તેમજ તેના વિસ્તરણ અંગેની પણ માહિતી મેળવી હતી. આ પ્લાન્ટ અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ સ્કિમમાં દેશનો પ્રથમ ૪૬૨૦ મેગા વોટનો મેગા પાવર પ્લાન્ટ પ્રોજેકટ છે. જે સમગ્ર કોલબેઝ છે. આ પાવર પ્લાન્ટ ૨૦૧૨ સુધીમાં પુરેપુરી ૪૬૨૦ મેગા વોટની ક્ષમતા ધરાવતો થઈ જશે.

આ પ્રતિનિધિ મંડળમાં ચેમ્બર પ્રમુખ શ્રી નિલેશ વી. માંડલેવાળા, ચેમ્બરના માનદમંત્રી શ્રી હેતલભાઈ મહેતા, ભૂ.પૂ.પ્રમુખ શ્રી મહેન્દ્ર કાજીવાલા, શ્રી પ્રેમ શારદા, શ્રી રાજેન્દ્ર ચોખાવાલા, શ્રી અમરનાથ ડોરા, શ્રી દિનેશ માંડલેવાલા શ્રી અશોક શાહ, પ્રદર્શન કમિટિના ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ, ગ્રુપ ચેરમેન શ્રી જનક પચ્ચીગર, શ્રી ધીરેન થરનારી, શ્રી મનહરભાઈ જરીવાલા, શ્રી ગીરધર ગોપાલ મુંદડા, શ્રી ગોવિંદ પ્રસાદ સરાવગી, કારોબારી સભ્ય શ્રી એન્થની વર્ગીસ, શ્રી રાજેન્દ્ર લાલવાલા, શ્રી બિહારીભાઈ પરીખ, શ્રી રાજીવ દેસાઈ,શ્રી પ્રત્યુષ દેસાઈ, શ્રી મયંક દલાલ તથા પ્રેસ અને મિડીયાના પ્રતિનિધિઓ જોડાયા હતા.